
ગાંધીનગર સમાચાર

ધોળાકુવાના યુવાનોએ અદભૂત ગબ્બર બનાવ્યો



## @ગાંધીનગર

**પ્રથમ નોરતું**

● ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં આજે પ્રથમ નોરતે સાંજે ૫.૩૦ કલાકે ચ-૩ ખાતેથી અંબાજીથી પધારેલી દિવ્ય જયોતિનું ભાવપૂર્વક સ્વાગત કરી કલ્ચરલ ફોરમના આંગણે પ્રસ્થાપિત કરાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સમીર રાવલ અને ગ્રુપ ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે વિશ્વ મ્યુઝિક ગ્રુપના ગાયક પંકજ પટેલ ગરબાની રંગત જમાવશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે હીર મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ જામશે.

● નવરાત્રી સમિતિ સેકટર-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે દલસુખભાઈ પ્રજાપતિ એન્ડ મ્યુઝીકલ પાર્ટી ગરબા રજુ કરશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે ગાયત્રી ગ્રુપ દ્વારા ગરબાની રજુઆત કરાશે.

● જયોતિ મહિલા મંડળ દ્વારા બપોરે ૨ કલાકે ખિમજી વિશ્રામ હોલ ખાતે વયજૂથના ફરતા ગરબા યોજાશે.

● સે-૨૭ આનંદનગર સ્થિત નીતાબેન સોનીના નિવાસસ્થાન બ્લોક નં. ૧૭૪ ખાતે બપોરે ૨થી ૫ કલાક આનંદનો ગરબો યોજાશે.

● અંબાજી મંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે છગન ભાટી અને જાસ્મીન (છગનભાટી ગ્રુપ) ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે ગુજરાતી ફીલ્મના અભિનેતા વિક્રમ ઠાકોર બંસરી કલા વૃંદ સાથે ગરબાની રમઝટ બોલાવશે.

**- નજાહખાનમ સૈયદ**

# એસ.ટી. ડેપો સામેના ગલ્લામાં ચોરી



ગાંધીનગર, તા.૧૨

શહેરના ભરચક વિસ્તારમાં ગત રાત્રીના સુમારે બે ગલ્લાના તાળા તોડી તસ્કરો ગેસની બોટલ તેમજ પેંડલ સાઈકલ લઈ રફફુચક્કર થઈ ગયા છે. એક સાથે બે ગલ્લાના તાળા તુટતા ગલ્લા ધારકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

શહેરમાં તસ્કરોનો તરખાટ દિન પ્રતિદિન વધી રહ્યો છે તસ્કરો ઘર તેમજ દુકાનોને બિનદાસ્ત નિશાન બનાવી હાથફેરો કરી રફફુચક્કર થઈ જાય છે ત્યારે શહેરના મધ્યમાં આવેલ એસ.ટી. ડેપોની સામે ચાની કિટલી ચલાવતા મહેશ ઉર્ફે ટીનાજી ઠાકોરના ગલ્લાનું તાળુ તોડી ગસની બોટલ તેમજ પેંડલ સાઈકલ લઈ પલાયન થઈ ગયા હતા. જયારે ગલ્લામાં રહેલ અન્ય કોઈ ચીજવસ્તુને હાથ લગાવ્યો નહોતો જયારે બીજા બનાવમાં ચ-૩ પાસે પાનનો ગલ્લો તેમજ ચાની કિટલી ચલાવતા ઈન્દ્રોડા ગામના જતવંતસિંહનો ગલ્લો તોડી પરચુરણ તેમજ ગેસની બોટલ તસ્કરો ઉઠાવી ગયા હતા. શહેરના ભરચક વિસ્તારના બંને વિસ્તારમાંથી ઈન્દ્રોડા ગામના યુવાનોના ગલ્લામાં ચોરી થતાં ગલ્લા ધારકોમાં ભય ફેલાયો છે. ચાની કિટલી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા યુવાનોને ત્યાં ચોરી થતાં બને યુવાનો ચિંતિત થઈ ગયા હતા.



# ધોળાકુવાના યુવાનોએ અદ્ભુત ગબ્બર બનાવ્યો







ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પાદરે ધોળાકુવા ગામના યુવાનોએ ૩ મહિનાના અથાગ પરિશ્રમ વડે તૈયાર કરેલ 'મહોલ્લા માતા'ને જોઈ સૌ કોઈ મોંમાં આંગળી નાંખી જશે. સતત આઠમા વર્ષે લગભગ ૩૦૦ ચોરસ ફુટના ઘેરાવામાં જાણે પાવાગઢની વિશાળ અને આબેહુબ પ્રતિકૃતિ બનાવાઈ છે. જેમાં મંદિર, કિલ્લા, યજ્ઞશાળા, રોપવે, ડેમ સાઈટ સહિત અદભુત લાઈટીંગ અને ડ્રેનેજ વ્યવસ્થા જોનારાને આફરિન પોકારવા પર મજબૂર કરી દે તેવી છે. સ્વચ્છતા અને બાળકોને સર્જનાત્મકતા ખીલે તે થીમ આધારીત આ 'ગબ્બર' તૈયાર કરાયો છે.

**ગામમાં નવરાત્રિ નથી થતી માટે વિકલ્પ રૂપે યુવાનો ગબ્બર બનાવે છે**

કોઈ અગમ્ય કારણોસર આશરે ત્રીસેક વર્ષથી ધોળાકુવા ગામમાં નવરાત્રિની ઉજવણી નથી કરાતી. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં ગબ્બર બનાવતા યુવાનોએ જણાવ્યું હતું કે અમારા ગામમાં નોરતા નથી ભરાતા એટલે અમે ગબ્બર બનાવવાનું ચાલુ કર્યું. ધીમે ધીમે તેને વધારતા ગયા અને ગામ લોકોનો સહયોગ પણ સાંપડયો એટલે હવે આ ગબ્બર અમારી પરંપરા બની ચુકયો છે.

ધોળાકુવા ગામના બળિયા દેવ યુવક મંડળના વીસેક જેટલા યુવાનો કિશોરો મળીને દર વર્ષે જુદી જુદી થીમ આધારિત 'ગબ્બર' બનાવે છે. ગામના રામજી મંદિરના હોલમાં રોજ રાત્રે આ પરિશ્રમ યજ્ઞ યોજાય છે અને આ અવિરત મહેનત થકી પ્રગટ થાય છે અલૌકિક દ્રશ્ય સમું અદભૂત સર્જન. માત્ર નકામા વેસ્ટેજના ભેગા કરેલા થર્મોકોલ, લાકડું, ઘાસ, પત્થરો, ઝાડની ડાળીઓ, વાંસની સળીઓ, રંગોળીના રંગો, સ્ટ્રો, પાઈપો, નાની મોટરો, રમકડાં, પૂંઠા વગેરેના ઉપયોગ દ્વારા આ સર્જન તૈયાર કરાય છે. આ પ્રતિકૃતિમાં રોડ રસ્તા, સ્કૂલ, હોસ્પિટલ, યજ્ઞશાળા, કિલ્લા, પર્વતો, ઝરણા, ડેમ, પુલ, ઈલેકટ્રીક ડીપી સતત ચાલતા રહેતા ઉડન ખટોલા, ઝુંપડીઓ, કામ કરતા માણસો, ઋષિમુનિઓ, પનિહારીઓ, વૃક્ષો, ગાડીઓ, પશુ પંખીઓ, વિરામવાટીકાઓ, તળાવ, ગરબા રમતી ગોપીઓ સહિત એટલી અઢળક વસ્તુઓનું સુવ્યવસ્થિત નિર્માણ કરવામાં આવે છે જેને નિહાળતા એક જુઓ અને બીજુ ભૂલો તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

સ્ટ્રીટ લાઈટ માટે સ્ટ્રો પાઈપ વાપરવી, યજ્ઞની વેદીમાં ધુમાડા માટે અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈનથી ધુમાડો કાઢવો, મોટર વડે લાઈવ ગરબા અને ઉડન ખટોલા વગેરે યુવાનોની અદભુત કલ્પના શકિત અને વિશેષ સર્જનાત્મકતાના દર્શન કરાવે છે. દર વર્ષે રૂ.૧૦ હજારથી વધુના ખર્ચ જોડી અગાઉની પ્રતિકૃતિઓનો અલગ અલગ રીતે ઉપયોગ કરી આ ગબ્બર બનાવાય છે. સતત આઠ વર્ષથી તૈયાર કરાતા આ ગબ્બરની મુલાકાત લેવા નવરાત્રિ દરમિયાન આશરે ૨ હજાર જેટલા મુલાકાતીઓ પ્રતિદિન આવે છે. ગામના યુવાનોને ગામ લોકો તરફથી તન-મન-ધનની મદદ મળી રહે છે. જે આ યુવાનોનું પ્રોત્સાહન વધારે છે. છેલ્લા બે વર્ષથી સખી મંડળ દ્વારા શ્રેષ્ઠ મહોલ્લા માતા (ગબ્બર)નો એવોર્ડ મેળવતી આ પ્રતિકૃતિ નિહાળવા ગાંધીનગરના નવરાત્રિ પ્રેમીઓ દર વર્ષે ભારે ભીડ જમાવી રહ્યાં છે.

**સ્વચ્છતા અભિયાનની થીમ પર તૈયાર કરાયેલ ગબ્બરમાં મંદિર, કિલ્લા, ઉડન ખટોલા, ડેમ સાઈટ અને યજ્ઞશાળાની આબેહૂબ પ્રતિકૃતિઓ : આશરે ૩૦૦ ફુટના ઘેરાવામાં બનાવાયેલ અલૌકિક પ્રતિકૃતિ નિહાળી મુલાકાતીઓ દંગ : નવરાત્રિમાં રોજ ૨ હજાર જેટલા મુલાકાતીઓ**

(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● ગુજરાત સરકાર દ્વારા આયોજિત અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર નવરાત્રિ મહોત્સવમાં પ્રથમ નોરતે ગાંધીનગરના ૨૦ કલાકારો પરફોર્મન્સ આપશે. વાઈબ્રન્ટ નવરાત્રિથી ઓળખાતા આ ઉત્સવમાં વિવિધ પ્રદર્શનો પણ આકર્ષણનું કેન્દ્ર બને છે.

● લાયન્સ કલબ દ્વારા ચ-૩ ગરબા મેદાન ખાતે યોજાતા પરંપરાગત ગરબા આ વર્ષે પણ આયોજિત કરાયા છે. જો કે આ વર્ષે સ્ટેજની દિશા આયોજકો દ્વારા બદલવામાં આવી છે.

● બેંક ઓફ બરોડાની ગાંધીનગર શાખા દ્વારા નવરાત્રી પર્વની શુભેચ્છાના ભાગ રૂપે ગરબા શોખીનોમાં દાંડિયાની જોડનું વિતરણ કરવામાં આવ્યું છે.

● સે-૩-સી કલ્ચરલ સ્કવેયર ખાતે નવરાત્રિના આયોજન માટે ચાચર ચોકમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ચોકની આસપાસના ચોકઠાના રહીશો, મહિલાઓ અને બાળકો ઉમંગભેર જોડાયા હતા.

● સે-૩માં પ્રવેશતા માર્ગ પર ઘ દોઢ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં બાઈક ચાલકને માત્ર નજીવી ઈજાઓ થઈ હતી.

● સે-૭-સીમાં શિવ શકિત મંદિરે યોજાતો ભવ્ય નવરાત્રિ મહોત્સવ ગયા વર્ષે માત્ર પેન ડ્રાઈવ અને સ્પીકર સીસ્ટમના સહારે યોજાતા તેનો ચાર્મ ગુમાવી બેઠો હતો. આ વર્ષે પણ આજ પધ્ધતિ અપનાવાનું નક્કી કરાતા શેરી ગરબા પ્રેમીઓમાં નિરાશા ફેલાવા પામી છે.

● ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની રાધે રેસીડેન્સીમાં સવારે ૫.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન યોગ શિબિર યોજાય છે. આસપાસના રહીશો આ યોગ શિબિરમાં જોડાઈ લાભ લઈ શકે છે.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

# ખોરજમાંથી દારૂ-બિયર ભરેલી બે ગાડીઓ પકડાઈ

**પોલીસે દરોડો પાડી સ્વિફ્ટ ડિઝાયર અને મારૂતી ફ્રન્ટી ગાડીમાંથી ૨૬૪ નંગ વિદેશી દારૂ અને ૨૧૬ નંગ બિયરના ટીન જપ્ત કર્યા**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત ખોરજ ગામની સીમમાં અડાલજ પોલીસે ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી દારૂ-બિયરનો જથ્થો ભરેલી બે ગાડીઓ ઝડપી પાડી હતી. એક બુટલેગરની રૂ. ૬,૫૮,૦૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડયા તથા તેમની ટીમે બાતમીના આધારે બે વાગ્યાના અરસામાં ખોરજ ગામની સીમમાં આવેલી રાજયોગ મધુવન પાર્ક સામે ખુલ્લી જગ્યા પાસે દરોડો પાડી દારૂ-બિયરનો જથ્થો ભરેલી બે ગાડીઓ પકડી પાડી હતી. સ્વિફટ ડીઝાયર ગાડી નં. જીજે ૯ બીએ ૮૧૩૯ અને મારૂતી ફ્રંટી નં. જીજે ૧ એચ.એફ. ૧૩૩૯ બંને ગાડીઓની તલાશી લેતા અંદરથી રૂ. ૮૬,૪૦૦ની કિંમતની ૨૬૪ નંગ વિદેશી દારૂની બોટલ અને રૂ. ૨૧૬૦૦ની કિંમતના ૨૧૬ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ-બિયર તથા બે ગાડીઓ મળી રૂ. ૬,૫૮,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક ખોરજના બુટલેગર અવિનાશ રણછોડ પટેલની ધરપકડ કરી લીધી છે. જયારે અન્ય ફરાર થઈ ગયેલા શખ્સોની શોધખોળ ચાલી રહી છે. અડાલજ પોલીસે ગુનો નોંધી દારૂનો જથ્થો કયાંથી લવાયો હતો અને કયાં લઈ જવાનો હતો તે સહિતની વિગતો બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# નવરાતમાં ગબ્બરના નિર્માણ બદલ બાળકોને નવાજવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

સંસ્કાર ગ્રુપ દ્વારા નવરાત્રી પર્વ દરમિયાન બાળકો અને યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવશે. નવરાત્રીમાં બાળકો અને યુવાનોના સ્વ હસ્તે જે ગબ્બરો તૈયાર કરવામાં આવે છે તે ગબ્બરોની ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ જઈ ગ્રુપ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ બાળકોને પ્રમાણપત્રો અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. બાળકોને નવરાત્રી પર્વ નિમિત્તે સકારાત્મક કામો માટે પ્રેરાય તેમજ તેમના ઉત્સાહમાં વધારો થાય તે હેતુથી સંસ્થા દ્વારા આ નવતર અભિગમ અપનાવાયો છે તેમ સંસ્કાર ગૃપના પ્રમુખ તુષાર જગદીશચંદ્ર દવેએ જણાવ્યું છે.

# કોલેજમાં જઈ યુવાઓને સ્વાવલંબન યોજનાની માહિતી આપી

**શહેર ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓએ સે-૧૫ કોમર્સ કોલેજ જઈ યોજનાથી યુવાઓને માહિતગાર કર્યા**

ગાંધીનગર, તા.૧૨

પાટીદાર અનામત આંદોલનને પગલે રાજય સરકારે તમામ સમાજના યુવાઓના ભવિષ્યને ધ્યાને લઈ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તાજેતરમાં યુવા સ્વાવલંબન યોજના જાહેર કરી છે.

રાજયનો યુવા વર્ગ આ યોજનાથી માહિતગાર થાય તે માટે ભાજપ દ્વારા કેમ્પેઈન ચલાવવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાં આવેલી કોલેજોમાં પક્ષના સ્થાનિક યુવા વર્ગના કાર્યકર્તાઓ આ યોજનાની માહિતી યુવા ભાઈ-બહેનોને આપી માહિતગાર કરશે. જે અંતર્ગત ગાંધીનગર શહેર ભાજપના યુવા મોરચા દ્વારા શહેરની સે-૧૫ સ્થિત કોમર્સ કોલેજ ખાતે જઈ આજ રોજ કાર્યકર્તાઓએ માહિતી આપી હતી. જેમાં સરકારી નોકરીમાં તમામ સંવર્ગમાં ભરતી પ્રક્રિયામાં દરેક વર્ગમાં ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની વધારાની છુટના કારણે યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની નવી દિશાઓ ખુલશે. વય મર્યાદા છુટછાટનો લાભ તમામ કક્ષાના ઉમેદવારોને મળશે. શૈક્ષણિક લાયકાત ફકત સ્નાતકની હોય ત્યાં હાલની ઉપલી વયમર્યાદા ૩૦ વર્ષ છે તે ૩૫ વર્ષની થશે. સ્નાતક કરતાં ઓછી શૈક્ષણિક લાયકાત જરુરી હોય તેવી જગ્યાઓ માટે હાલ ઉપલી વયમર્યાદા ૨૮ વર્ષ છે તે હવે ૩૩ વર્ષ થઈ છે. જે જગ્યાની ભરતી અંગેની જાહેરાતો આવી ગઈ હોય અને આ જાહેરનામું પ્રસિધ્ધ થયું તે પૂર્વે હજુ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ વિતી ગઈ ન હોય તેવી જગ્યાઓમાં પણ ૫ વર્ષનો સુધારો લાગુ પડશે. વય મર્યાદાને કારણે જે યુવા વર્ગ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તેમ ન હતા તેવા તમામને વિપુલ પ્રમાણમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો લાભ મળશે. ગુજરાતના યુવાનો માટે કારકિર્દીની નવી દિશાઓ માટેની સુવર્ણ તક ઉભી થઈ છે. કોમર્સ કોલેજ ખાતે જઈ કાર્યકર્તાઓએ યોજનાની માહિતી આપી યુવાઓને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના કોષાધ્યક્ષ ડૉ. ઋત્વીજભાઈ પટેલ, સહપ્રભારી ભરતભાઈ પટેલ-ગાંધીનગર યુવા મોરચાના પ્રમુખ પદમસિંહ ચૌહાણ, મહામંત્રી ધવલ દવે, મયુર પટેલ અને જયપાલસિંહ વાઘેલા, નિકુંજ દરજી તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતાં.



## અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે રાસ ગરબા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક અડાલજ ખાતે આવેલી અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટયુટ ખાતે ડાંડીયા-૨૦૧૫નું આયોજન તા. ૧૪ ઓકટોબર ૨૦૧૫ને બુધવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે આરતી જયારે ૬.૪૫ થી ૮.૩૦ કલાક સુધી ગરબા. ત્યારબાદ નવ વાગ્યાથી રાત્રે ૧૨ કલાક સુધી રાસ ગરબા યોજાશે. આ રાસ ગરબામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાઈને નવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી કરશે.

## બલરામ ભવનમાં ૧૪મીએ બપોરે ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા આગામી તા. ૧૪ ઓકટોબરના રોજ બપોરે ૨ કલાકે બલરામ ભવન હોલ, સેકટર-૧૨ ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ગરબામાં ભાગ લેવા ઈચ્છતી દરેક બહેનોએ પોતાનું મેમ્બર કાર્ડ ફરજીયાતપણે સાથે રાખવું જરુરી છે. નગરની બહેનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંઘના પ્રમુખ શર્મિષ્ટાબેન દવે દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આજથી નવરાત્રીનો મંગલ પ્રારંભ

**પ્રથમ દિવસે સવારે ઘટસ્થાપન કરી માતાજીના શૈલ પુત્રી સ્વરૂપનું પૂજન કરાશે, સૌ કોઈ હરખના હિલોળે**

ગાંધીનગર, તા.૧૨

આદ્ય શકિત જગતજનની જગદંબાના મહાપર્વ નવરાત્રીનો આજથી પ્રારંભ થયો છે. શારદીય નવરાત્રી તરીકે ઉજવાતા આ પર્વનું અનેક ગણું મહત્વ છે. રાજયભરના દેવી મંદિરોમાં મા ભગવતીની ઉપાસના, આરાધના અને અનુષ્ઠાનનો મંગલ પ્રારંભ કરાશે તો શ્રધ્ધાળુ ભકતો એ સ્વગૃહે માતાજીના અનુષ્ઠાન, જપ, તપ અને વ્રતની પણ શરૂઆત કરશે. પ્રથમ દિવસ સવારે ઘટસ્થાપન કરી માતાજીના પ્રથમ સ્વરૂપ એવા શૈલપુત્રીનું પૂજન કરવામાં આવશે. જયારે રાત્રીએ માના ચાચર ચોકમાં રોશનીથી ઝગમગતા મંડપ અને શામીયાણામાં ગરબા અને રાસની રમઝટ બોલાવી આ ભવ્ય પર્વની હરખના હિલોળે ઉજવણી કરશે.

આજથી શરૂ થયલું નવરાત્રી પર્વ એ માતૃશકિતની આરાધનાનું મહાન પર્વ છે. આજે મા ભગવતીના નવ સ્વરૂપો પૈકી શૈલપુત્રીનું પૂજન અર્ચન કરવામાં આવશે. પર્વતરાજ (શૈલરાજ)ના ત્યાં આ દેવીએ જન્મ લીધો જેથી તેમનું નામ 'શૈલ પુત્રી' પડયું હતું. તેઓ નંદી નામના વૃષભ ઉપર સવાર છે જેમના હાથમાં ત્રિશુલ અને કમળ ધારણ કરેલું છે અને તેમને ત્રણે લોકના જીવ સૃષ્ટિના રક્ષક માનવામાં આવે છે. માતાજીના આ સ્વરૂપના પૂજનથી સુખ સુવિધાની ઉણપ કયારેય વર્તાતી નથી અને ધન ધાન્યથી સંપન્ન રહે છે આ દેવી ઉપાસનાથી અનેક પ્રકારની સિધ્ધીઓ તથા ઉપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે.



અખુટ શકિત પ્રદાન કરનાર આ મહાપર્વ નવરાત્રીમાં નવ સ્વરૂપો, નવ દિવસ અને નવરાત્રીના મંગલ સંગમ સમાયેલો છે. ત્યારે નવ (૯)નો આંક ભારતીય સંસ્કૃતિમાં પૂર્ણ ગણાય છે અને નિર્ગુણનું પ્રતીક પણ છે. બ્રહ્માંડમાં ગ્રહો નવ, પ્રજા ઉત્પત્તિના મનુઓ નવ, દીપ નવ, નવ નિધિઓ, નવ રત્નો, નવ ભાગ નવ નાડી અને જીવનના નવ રસ. જેથી નવની સંખ્યાને મુળ સંખ્યા તરીકે ઓળખવામાં આવે છે. અને તેથી જ હિંદુ પરંપરામાં નવરાત્રીમાં આદ્યશકિતની ઉપાસનાનો નવરાત સુધી મહિમા વર્ણવાયો છે. નવરીત્રીનું આ વ્રત ભગવાન વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા અને સ્વર્ગમાં રહેલા ઈન્દ્રએ પણ કરેલું હતું. જેથી શારદીય નવરાત્રીમાં પુર્ણ ભકિતભાવથી મા જગદંબાના પુજન અર્ચન કરી શ્રધ્ધાળુઓ બંધનમુકત, ધન-ધાન્ય, પુત્ર લાભ અને સંપત્તિને પામે છે. રાત્રીએ ચાચર ચોકમાં ગરબા સ્વરૂપે માના ગુણલા ગાઈ આનંદ, ઉત્સવ અને ઉમંગ વ્યકત કરાય છે. આમ માતૃશકિતનો સૌ કોઈ લાભ લઈ ઉત્તમ ફળ પ્રાપ્ત કરે તે આ પર્વની સત્યતા રહેલી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# જિલ્લામાં બેરોજગારોની સ્થિતિ જાણવા તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોની સાચી પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરની રોજગાર કચેરી, ગાંધીનગર દ્વારા નોંધાયેલ તમામ ઉમેદવારોને બુકપોસ્ટ દ્વારા સર્વે અંગેનું ફોર્મ મોકલવામાં આવશે. ફોર્મ મળે તુરંત જ ફોર્મમાં દર્શાવેલ સ્થળ અને સમય પર રૂબરૂ અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર ખાતે અરજદારોએ ટપાલથી તેમજ રુબરુ મોકલવાના રહેશે. સંજોગોવસાત ઉમેદવારોને ફોર્મ ના મળ્યા હોય તો રુબરુ જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો સંપર્ક કરી ફોર્મ ભરી શકે છે. ઉમેદવારોની રોજગારની પરિસ્થિતિ તથા રોજગાર અંગેની જરૂરીયાતનો સર્વે હોવાથી તમામ ઉમેદવારોએ હોંશભેર સર્વેમાં ભાગ લઈ વહેલી તકે ફોર્મ ભરવા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ધૂળાભાઈ કચરાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૬૮
- સ્વ. શિલા સિન્હા, ઉ.વ. ૬૦